સંવત ૨૦૭૮નું રાશિવાર ભવિષ્ય

ધન રાશિ : (ભ.ધ.ફ.ઢ.)

વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બીજા ધનભાવમાં રહેતા તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા ચોથા સુકભાવે આવશે. વર્ષની શરૂઆતમાં શનિ તમારા બીજા ધનસ્થાને રહેતા તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા ત્રીજા સ્થાનમાં આવશે. તા. ૧૨-૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા બીજા ધનસ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બીજા ધન સ્થાને રહે છે. જે ધન સંપત્તિમાં વધારો કરે. કૌટુંબિક યશ, માન ઓછા મળે. કૌટુંબિક મનદુઃખના પ્રસંગો બને. તમે તમારી અંગત બચતમાં વધારો કરી શકશો. વ્યવસાયિક આવશ્યકતા માટેની નાણાંકીય સગવડ સહેલાઈથી મળી શકશે. કૌટુંબિક અનેક તકલીફોનો સામનો કરવો પડશે.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. જે મિશ્ર ફળદાયી ગણાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે. ભાઈ-ભાંડુ તરફથી લાભની શક્યતા વધુ રહે. લાંબી મુસાફરીના યોગ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અપયશ મળે. જાહેર જીવનથી દૂર રહેવુ હિતાવહ ગણાય. સટ્ટાકીય કામકાજથી દૂર રહેવું. તમે તમારી ધાર્મિક વિચારસરણીને જીવન ધ્યેય બનાવશો.

તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા ચોથા સુખભાવે આવશે. જે તમારી સ્થાવર સંપત્તિમાં વધારો કરે. ધંધા વ્યવસાયિક બાબતે સફળતાના યોગ બને. આકસ્મિક ધન લાભના યોગ બને. કૌટુંબિક મતભેદોમાં વધારો થાય. સ્થાવરના સોદામાં કાળજી રાખવી. નહીંતર તકલીફમાં મૂકાવાનો વારો આવે.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા બીજા ધન સ્થાને આવશે. અહીં તમને સાડાસાતીનો છેલ્લા તબક્કો ચાંદીના પાયે ચાલે છે. જે ધન-વૈભવમાં વૃદ્ધિ કરાવે. પરિવારના સભ્યો સાથે મનદુઃખના યોગ બને. ધાર્મિક યાત્રા-મુસાફરી કષ્ટદાઈ નિવડે. કુટુંબની સાથે સાથે શારીરિક કાળજી લેવાની જરૂર છે. પિત્ત-વાયુ પ્રકૃતિના રોગથી સાચવવું. તમે કોઈના ઉપકાર તળે દબાતા જશો. તમારે કંઈક મેળવવા જતાં ગુમાવવું પડે.

તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા ત્રીજા સ્થાને આવશે. જે તમારા સાહસ પરાક્રમમાં વૃદ્ધિ કરે. સ્થાન પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો સફળ થતાં દેખાય. વડિલવર્ગની કૃપા સારી રહે. ભાઈ-ભાંડુથી વિભાજીત થવાના યોગ બને. મહેનત-પરિશ્રમ વધુ છતાં ધારી સફળતા ન મળે. ધનવાન બનવાની અનેક લાલચો તમને આકર્ષિત કરશે. તમારા વિચારોનું પરિવર્તન કરવા છતાં ભૌતિક સમૃદ્ધિ નહીં મેળવી શકો. તમારી માનસિક સ્થિતિ તમને જુદી જુદી પ્રેરણા આપશે. સંતાન બાબતની તકલીફો આવે. તમારા પુરુષાર્થની દિશા અને યોજના બદલાશે. તમે હરખ-શોકની સીમા પાર કરી ગયા હશો પરંતુ તમારા ગ્રહો પુરુષાર્થના છે. તમારી પુરુષાર્થના ફળની જ આશા રાખવી યોગ્ય ગણાશે. તમારી કાર્યપદ્ધતિમય પરિવર્તન નિશ્ચિત છે.

તા. ૧૨-૦૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા બીજા ધનભાવે આવશે. જ્યાં સોનાના પાયે પનોતી ચાલશે પરંતુ તે સ્વગૃહી હોવાથી થોડો રહેમભાવ રાખશો. પ્રયત્નશીલ રહેશો તો જરૂર કંઈક પ્રાપ્ત કરી શકશો. વ્યવહારના સ્પષ્ટ ભેદને અસ્પષ્ટ બનાવવા ધાર્મિક યાત્રા-મુસાફરીનું આયોજન કરી શકશો. પનોતી સોના પાયે હોવાથી આર્થિક, માનસિક ટેન્શનથી ઘેરાયેલા રહેશો. કૌટુંબિક મનદુઃખના પ્રસંગો બને. તમારી લાગણી ઘવાશે. તમને કર્મની ગતિની ગહનતા દેખાશે.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા છઠ્ઠા સ્થાનમાં રહે છે. જે આરોગ્યની બાબતમાં નાની-મોટી તકલીફો આપે. પેટ-આંતરડા કે અંગપીડાને લગતી તકલીફો વધુ રહે. સાહસિક અને જોખમી કાર્યો દ્વારા નાણાંકીય રાહત મેળવી શકશો. એક્સપોર્ટ-ઈમ્પોર્ટ સંબંધી કાર્યોથી લાભ થશે. વધુ પડતો ઉશ્કેરાટ તમારી તબિયત બગાડે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા બારમા વ્યયસ્થાને રહે છે. જે નિષ્ફળતાના અનેક યોગો નિર્માણ કરે. બીજાના કરજદાર બનશો તો જિંદગીભર દેવું ભરપાઈ નહીં કરી શકો. અહીં તમને તમારા ત્યાગ અને ભોગનો સમન્વય થતો જણાય. આર્થિક રીતે ધનવાન બનવાની લાલચમાં તમે સ્વાર્થ સાધવાની યોજનાને સાકાર કરશો.

તા. ૧૨-૦૪-૨૨થી કેતુ તમારા અગિયારમાં સ્થાને રહે છે. જે મોટા ભાઈ-ભાંડુ કે વડિલવર્ગને આર્થિક નુકસાનથી મોટા યોગથી બચી શકશો. મિત્રવર્ગથી અવાર-નવાર લાભ થાય. માનસિક રીતે તમે ઘવાતા જાવ. અનેક પરિવર્તનના યોગ બને.

સ્ત્રીઓ માટે :- સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા છઠ્ઠા સ્થાનમાં આવે. કેતુ બારમા સ્થાનમાં હોતા તમે કોઈ જુઠ્ઠાણાનો શિકાર બનશો. નાણાંકીય ક્ષેત્રે છેતરાઈ જવાના પૂરા યોગ બને. નજીવી ગફલત સંબંધોની મોટી તિરાડ પણ બનાવે તો નવાઈ નહીં. પારિવારિક નાણાંકીય વ્યવહાર સતર્ક રહીને કરવો જરૂરી ગણાય.

વિદ્યાર્થીઓ માટે :- વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. અનેક તકલીફોનો સામનો કરવો પડે. સફળતા-નિષ્ફળતાનો મિશ્ર અનુભવ કરશો. ઉચ્ચ ડિગ્રી અર્થે પરદેશ જવાની તમારી ઈચ્છા પૂરી ના થઈ શકે.

મકર રાશિ : (ખ.જ.ક્ષ.)



વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારી રાશિમાં રહેતા તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા બીજા ધન ભાવમાં રહેશે. તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા બીજા ધન ભાવમાં રહેશે. તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા ત્રીજા સ્થાનમાં આવશે. વર્ષની શરૂઆતમાં શનિ તમારી રાશિમાં આવતાં તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા બીજા ભાવમાં આવશે. તા. ૧૨-૦૭-૨૨થી શનિ વક્રી થઈ ફરી પાછો તમારી પોતાની રાશિમાં આવશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા પાંચમા સ્થાનમાં ભ્રમણ કરે છે. તેમજ કેતુ અગિયારમાં સ્થાનમાં ભ્રમણ કરે છે. તા. ૧૨-૦૪-૨૨થી રાહુ તમારા ચોથા સુખ સ્થાનમાં આવશે. જ્યારે કેતુ તમારા દસમા કર્મ ભાવ આવશે. મંગળ તમારા દસમા કર્મભાવથી છઠ્ઠા રોગશત્રુ સ્થાન સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારી રાશિમાં રહે છે. જે તમારી હિંમત અને સાહસમાં વધારો કરે. દરેક જરૂરિયાતો પૂરી કરવા તમારે અથાગ મહેનત-પરિશ્રમ કરવો પડે. તમને અણગમતા વાતાવરણમાં જીવવાની ફરજ પડે. આર્થિક તેમજ સામાજિક જવાબદારીમાં વધારો થાય. લગ્ન કરવા યોગ્ય ઉમેદવારને લગ્ન થવાની શક્યતા છે. વાસ્તવિક જગતના વિષાદ અને નિરાશાને ભૂલી જાગ્રત અવસ્થામાં તમે જીવન જીવશો. તમારા વિવેકશીલ ગુણને લોકો અહંકારી માનશે.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા બીજા ધનભાવમાં આવશે. કૌટુંબિક ધન સંપત્તિના યોગ સારા બને. કુટુંબ વૃદ્ધિના યોગ સારા બને. કુટુંબમાં વડીલો સાથે મનદુઃખના યોગ બને. પરિવારની આવકવૃદ્ધિના યોગ બને. પરિવારના સભ્યો સાથે વિવેકથી અને શાંતિપૂર્ણ રીતે નિર્ણય લેવા હિતાવહ ગણાય. વડિલવર્ગ તરફથી આર્થિક સફળતા સારી મળે.

તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા ત્રીજા સ્થાનમાં ભ્રમણ કરશે. જે આ સ્થાન માટે મિશ્ર ફળદાયી છે. પ્રગતિની સારી તકો આવે છતાં તમો તેનો લાભ ન લઈ શકો. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો સારા થાય. આ સમયની નક્કર સફળતાનો આધાર પુરુષાર્થ કરતાં ભાગ્ય પર વધારે છે. પરિશ્રમ દ્વારા થયેલ સિદ્ધિ તમારું બેલેન્સ વધારશે. માનવ જાતના પ્રયત્નને જીવનના વહેલા બદલવા માટે ખોટા સાબિત થાવ.

વર્ષની શરૂઆતમાં શનિ તમારી રાશિમાં રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે ચાલે છે. જે આંતરિક-માનસિક-આર્થિક તેમજ સારીરિક નાની મોટી અનેક તકલીફો રાખે. નોકરિયાત વર્ગને આ સમય રસાકસીભર્યો લાગે. ખૂબ જ મહેનત પરિશ્રમ બાદ જોઈએ એવી સફળતા પ્રાપ્ત ના કરી શકો. સામાજિક માન-મર્યાદા અને નાણાંની ખેંચના કારણે તમે ગૂંગળામણ અનુભવશો. દુશ્મનો તરફથી પરેશાનીનો ભય રહે. ભાગ્યની આવેલી તકો ગુમાવવાનો વખત આવે.

તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા બીજા ધન સ્થાને આવશે. અહીં તમારી સાડાસાતી પનોતીનો ત્રીજો તબક્કો તાંબાના પાયે ચાલશે. વ્યવસાયિક નિર્ણય યોગ્ય વિચારપૂર્વક કરવો. પનોતી તાંબાના પાયે હોવાથી તમારા સાહસ અને પુરુષાર્થનો હકારાત્મક અનુભવ થશે. વ્યુવસાયિક નિર્ણય યોગ્ય વિચારપૂર્વક કરવો. આરોગ્ય બાબતે કાળજી રાખવી. આર્થિક સંજોગો તમારામાં નકારાત્મક વિચારોનો અનુભવ કરાવે.

તા. ૧૨-૦૭-૨૨થી વક્રી થઈ શનિ પાછો તમારી રાશિમાં આવશે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો લોઢાના પાયે ચાલશે. જેથી નાણાં સંબંધી તકલીફો ઉભી થાય. નિરાશા અને થાકનો અનુભવ કરશો. તમને શનિ સફળતા જરૂર આપશે પરંતુ તેની ગતિ મંદ છે. તેથી મંદગતિએ તમે પ્રગતિ કરશો. ધીરજના ફળ મીઠા હશે. તમારી પ્રતિષ્ઠાને ઠેસ ન પહોંચે તેની કાલજી રાખવી. ડાયાબિટીશ કે બ્લડપ્રેશરની તકલીફવાળાઓએ સંભાળવું.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા પાંચમા સ્થાને રહે છે. જે સંતાન અંગેની નાની-મોટી તકલીફો રાખે. સાહસિક કાર્યોમાં અવરોધો આવે. આવક ઘટવાના યોગ બને. જેના કારણે આર્થિક ભીંસ ઉભી થાય. નોકરિયાત વર્ગને નોકરીમાં પરિવર્તનના યોગ બને. તમારો આ સમય કસોટીમય ગણાય. વ્યવસાયિક છેતરપિંડી ન થાય તેની કાળજી રાખવી.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા અગિયારમા લાભ ભાવે રહે છે. જે આર્થિક લાભના યોગ બનાવે. મોટા ભાઈભાંડુને શારીરિક તકલીફો રહે. વધુ મહેનત-પરિશ્રમ તમારા નિષ્ફળ જતા જણાય. તમે હારની બાજીને જીતમાં પલટાવવાની કોશિષ કરશો.

તા. ૧૨-૦૪-૨૨થી રાહુ તમારા ચોથા સુખ સ્થાને આવશે. જે મિશ્ર ફળદાઈ ગણાય. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. કોઈની પણ જામીનગીરી આપવાથી દૂર રહેવું. વડિલ વર્ગની તબિયતની કાળજી રાખવી. ધંધા-વ્યવસાયિકોને નુકસાનના યોગ બને.

તા. ૧૨-૦-૪-૨૨થી કેતુ તમારા દશમા કર્મ સ્થાને રહે છે. અહીં તમને કર્મ પહેલાં જ તેનો લાભ મળશે. ભૌતિક આધ્યાત્મિક ભેદની વચ્ચે જીવવાની તક મળશે. વ્યવસાયિક કામકાજમાં તકલીફો વધે.

સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાઈ ગણાય. તમે વધુ પડતાં મહત્વાકાંક્ષી બનશો. નોકરી કરતી સ્ત્રીઓને અનેક કષ્ટદાયી તકલીફોનો સામનો કરવો પડે. આવક સામે સંકળાયેલ સંબંધોની તોડફોડ સર્જાય. દામ્પત્ય જીવનમાં મનદુઃખના પ્રસંગો ઉભા થાય.

વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું પસાર થાય. વિદ્યાસ્થાન પર ગુરૂની પાંચમી દૃષ્ટિનો સારો પ્રભાવ પડશે. વિદ્યા અભ્યાસ સંબંધી ચમત્કારનો અનુભવ થાય. છતાં આત્મવિશ્વાસપૂર્વક ખોટી આદતોથી બચવું જરૂરી છે.

કુંભ રાશિ : (ગ.શ.સ.ષ.)

વિ.સં. ૨૦૭૮ ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બારમા વ્યયભાવે રહેતા તા. ૨૦-૧૧-



૨૧થી ગુરૂ તમારા પ્રથમ સ્થાનમાં રહેશે. તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા બીજા ધન ભાવે આવશે. શનિ વર્ષની શરૂઆતમાં તમારા બારમા વ્યયભાવે રહેતા તા. ૨૯-૦૪-૨૨થી શનિ તમારા પહેલા સ્થાનમાં રહેશે. તા. ૧૨-૦૭-૨૨થી શનિ વક્રી થઈ પાછો તમારા બારમા વ્યયભાવે આવશે. રાહુ વર્ષારંભે તમારા ચોથા સુખભાવે રહે છે. તેમજ કેતુ તમારા દસમા કર્મભાવે રહેશે. તા. ૧૨-૦૪-૨૨થી રાહુ તમારા ત્રીજા સ્થાને આવશે. તેમજ કેતુ તા. ૧૨-૦૪-૨૨થી વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બારમા વ્યયભાવે રહે છે. અહીં તે અશુભ ફળ વધુ આપશે. ધંધા વ્યવસાયિકવાળાએ ખૂબ સાવચેતી રાખી આગળ વધવું. સ્થાવર બાબતના કામકાજમાં સફળતા સારી મળે. રક્તવિકારની વ્યાધિ શરીરને અસ્વસ્થ બનાવે. તમારા પ્રતિકૂળ વિચારો તમને માનસિક રીતે દુઃખી કરશે. આવક ઘટી જવાના પ્રબળ યોગ બને. દેવામાં ડૂબી ન જવાય તેની કાળજી રાખવી.

તા. ૨૦-૧૧-૨૨થી ગુરૂ તમારી રાશિમાં આવશે. તમારા સાહસ અને હિંમતમાં વધારો થાય. નોકરિયાત વર્ગને જવાબદારી વધતી જણાય. હિતશત્રુઓથી સંભાળવું. લાંબા ગાળાના આયોજન દ્વારા લાભ થાય. નવિન ભાગીદારી કે વ્યવસાયિક કાર્યોમાં પ્રગતિ થાય.

તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા બીજા ધનસ્થાને આવશે. જે આંતરિક-કૌટુંબિક અશાંતિ રાખે. કૌટુંબિક ધન સંપત્તિના યોગ સારા બને. પારિવારિક જવાબદારીમાં વધારો થાય. ગળા અને આંખને લગતી તકલીફોથી સાચવવું.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા બારમા વ્યય સ્થાને રહે છે. અહીં તમારે સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો લોઢાના પાયે ચાલે છે. મસ્તક પીડા કે નેત્ર સંબંધી તકલીફોથી સાચવવું. જીવન જરૂરિયાત કરતાં વધુ ભોગવિલાસ તેમજ બાહ્ય આડંબરો દેખાડો કરવામાં નાણાંકીય ખર્ચ વધુ થાય.

તા. ૨૯-૦૪-૨૨ની શનિ તમારી રાશિમાં આવશે. અહીં તમારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો રૂપાના પાયે ચાલશે. જેમાં આંતરિક, શારીરિક તેમજ આર્થિક મુશ્કેલીઓ આવે. વ્યવસાયિક ઉઘરાણી ફસાઈ જવાના યોગ બને. તમારા ખર્ચાઓ મર્યાદા બહારના હશે. તમારી કૌટુંબિક સામાજિક જવાબદારી વધતી જણાય. માનસિક ટેન્શન અને થાકના લીધે શારીરિક બેચેની રહે.

તા. ૧૨-૦૭-૨૨થી વક્રી શનિ પાછો તમારા બારમા વ્યય સ્થાને આવશે. અહીં તમારે સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો સોનાના પાયે ચાલશે. જે આર્થિક દૃષ્ટિએ કષ્ટદાયી નિવડે. વ્યવસાયિક મુસાફરીમાં અવરોધો આવે. ધંધાકીય ક્ષેત્રે પરિસ્થિતિને અનુરૂપ થઈને આગળ વધવું.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા ચોથા સુખસ્થાને રહે છે. જે શુભ ફળ મળવા ન દે. માતા સાથે અણબનાવ રહે. સ્થાવર અંગેના કાર્યોમાં અવરોધો-રૂકાવટો આવે. સામાજિક કાર્યો કરનારને બદનામી થવાના યોગ બને. બિનજરૂરી વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ ગણાય.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા દસમા કર્મસ્થાને રહે છે. પરિવારના સભ્યો તેમજ વડિલો સાથે સંબંધો બગડતા જણાય. નવા ધંધાકીય કાર્યોથી દૂર રહેવું. વધુ મેળવવાની લાલસામાં ક્યાંક ફસાઈ ગયાનો અનુભવ થાય. ધંધાકીય વ્યવસાયિકો અનેક તકલીફોનો સામનો કરવો પડે. હિત-અહિતની દૃષ્ટિએ તમારી કસોટી થતી જણાય.

તા. ૧૨-૦૪-૨૨થી રાહુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. ભાઈ-ભાંડુ સાથે મતભેદો કે મનદુઃખના પ્રસંગો બને. નોકરિયાત વર્ગને આર્થિક લાભ સારા થાય. તમારી મનોવૃત્તિ બદલાતી જણાય. લાંબાગાળાના આયોજનમાં પૈસા ફસાઈ ન જાય તેની કાળજી રાખવી.

તા. ૧૨-૦૪-૨૨થી કેતુ તમારા નવમા ભાગ્યભાવે આવશે. જે ભાગ્યવૃદ્ધિના કાર્યોમાં રૂકાવટો લાવે. કૌટુંબિક સંબંધોમાં વાદવિવાદ સર્જાય. તમારી આધ્યાત્મિક ભાવનામાં આડંબરો વધે. તમે હારેલી બાજીને જીતમાં ફેરવવાની નિરર્થક કોશિષ કરશો. આરોગ્ય બાબતે નાની-મોટી તકલીફો રહે.

સ્ત્રીઓ માટે :- સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો વધુ રહે. કૌટુંબિક નાણાંકીય વ્યવહારમાં સંભાળવું. માનહાનિના યોગ બને. જીવનસાથી સાથે કારણ વગર મનદુઃખ થાય.

વિદ્યાર્થીઓ માટે :- વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. વધુ મહેનત-પરિશ્રમ બાદ સફળતા પ્રાપ્ત થાય. ડિગ્રી પ્રાપ્તિમાં અવરોધો આવે. મિત્રવર્ગની ખરાબ સોબતથી દૂર રહેવું.

મીન રાશિ : (દ.ય.ઝ.થ.)



વિ.સં. ૨૦૭૮ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા અગિયારમા લાભભાવે રહેતાં તા. ૨૦-૧૧-૨૧થી તમારા બારમા વ્યવસ્થાને આવશે. તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારી રાશિમાં ભ્રમણ કરશે. શનિ વર્ષારંભે તમારા લાભભાવે રહેતા તા. ૨૯-૦૪-૨૨થી તમારા બારમા વ્યય સ્થાને આવશે. અહીં તમારે સાડાસાતીનો પ્રથમ તબક્કો સોનાના પાયે માથા પરથી પસાર થશે. તા. ૧૨-૦૭-૨૨થી વક્રી શનિ તમારા લાભ ભાવે આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા અગિયારમા લાભ ભાવે રહે છે. જે મધ્યમ ગણાય. સામાજિક-કૌટુંબિક માન મોભો વધતો જણાય. અહીં તમને ખોટી હસ્તીઓની ઓળખાણ દ્વારા સારા લાભની પ્રાપ્તિ થાય. ઘરમાં કે કુટુંબમાં માંગલિક પ્રસંગો સારા થાય. અગાઉના અટકેલા કાર્યો પૂર્ણ થવા છતાં આર્થિક પ્રાપ્તિ ન થાય.

તા. ૨૦-૧૧-૨૧થી ગુરૂ તમારા બારમા ભાવસ્થાને આવશે. જે આંતરિક શારીરિક-માનસિક તેમજ આર્થિક તકલીફો રાખે. સ્થાવર બાબતના પ્રશ્નોમાં સફળતા સારી મળે. વિશ્વાસઘાતના યોગ બને. આવક ઘટી જવાના પ્રબળ યોગ બને. ઋણના બોજા હેઠળ દબાઈ ન જવાય તેની કાળજી રાખવી.

તા. ૧૩-૦૪-૨૨થી ગુરૂ તમારા રાશિમાં આવે. જે તમારા સાહસ અને હિંમતમાં વધારો કરે. સામાજિક કાર્યકર્તાઓની પ્રગતિ થાય. સાહસિક કાર્યો દ્વારા ભાગ્યોદય થાય. નોકરિયાત વર્ગને લાભની અનેક તકો આવે. ભાગ્યવૃદ્ધિના કાર્ય થવા છતાં નાણાંભીડનો અનુભવ કરશો.

શનિ વર્ષારંભે તમારા અગિયારમા ભાવમાં રહે છે. અહીં તે શુભ ફળદાયી રહે. મોટા ભાઈ-ભાંડુ સાથે વૈચારિક મતભેદો રહે. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. તમારી આર્થિક-ભૌતિક સમૃદ્ધિમાં વધારો થાય. માનસિક દૃષ્ટિએ અણગમતા કાર્યો થાય. પેટ સંબંધી કે પાચન સંબંધી તકલીફો ઉભી થાય.

તા. ૨૯-૦૪-૨૨ શનિ તમારા બારમા વ્યય સ્થાને આવશે. અહીં તમારા સાડાસાતીનો પ્રથમ તબક્કો સોનાના પાયે ચાલશે. કૌટુંબિક માનહાનિના યોગો બને. પુરુષાર્થનું શુભ ફળ ન મેળવી શકો. આર્થિક લાભ સારા મળે તેમ લાગે છે પરંતુ તે ક્યારે નુકશાન કરાવે તે કહેવાય નહીં.

તા. ૧૨-૦૭-૨૨થી વક્રી થઈ શનિ તમારા અગિયારમાં લાભભાવે આવશે. આકસ્મિક ધન પ્રાપ્તિના યોગ બને. સાહસિક રીતે આગળ વધશો. સમય અને સંજોગો તમને ઝૂકતા શિખવાડે. નાણાં સંબંધી વ્યવહારમાં વિશ્વાસઘાતના યોગ બને. સંતાન બાબતે વડીલો સાથે ઘર્ષણ થાય.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. આ રાહુ સાહસિક કાર્યોમાં સફળતા સારી અપાવે. નાણાંકીય પ્રાપ્તિમાં નવી યોજનાઓ તરફ આકર્ષણ વધતું જણાય. સાહસિક સફળતા સારી અપાવે. નાણાંકીય પ્રાપ્તિમાં નવી યોજનાઓ તરફ આકર્ષણ વધતું જણાય. સાહસિક કાર્યકર્તાઓને અણધાર્યા પરિવર્તનના યોગ બને. ભાઈ-ભાંડુ સાથે વિચારોમાં મતભેદ રહે.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા નવમા ભાગ્યભાવે રહેશે. જે ભાગ્યવૃદ્ધિમાં અવરોધો રૂકાવટો લાવે. ધાર્મિક યાત્રા-મુસાફરી કષ્ટદાયી નિવડે. અહીં તમારે ઉતાર-ચઢાવનો સામનો કરવો પડશે. અહીં તમને લાગશે કે વિધિના લેખથી કોઈ બચી શકતું નથી.

તા. ૧૨-૦૪-૨૨થી રાહુ તમારા બીજા ધનસ્થાને આવશે. જે અહીં અનુકૂળ નથી. પરિવારના સભ્યો સાથે મનદુઃખના પ્રસંગો બને. તમારી વાણીની કઠોરતા ઘણા સંબંધો બગાડે. તમારી મોટી-મોટી ઈચ્છાઓને કાબૂમાં રાખવા પ્રયત્ન કરજો. પારિવારિક સંપત્તિના યોગ સારા બને. નિરાશ થવાય તેવા કાર્યોથી દૂર રહેશો.

તા. ૧૨-૦૪-૨૨થી કેતુ તમારા આઠમા આયુ સ્થાને આવશે. જેમાં શારીરિક નાની-મોટી તકલીફો રહે. તમારા જીવનમાં કેટલાય અણધાર્યા પ્રશ્નો ઉભા થાય. કૌટુંબિક વિચારોમાં મતભેદ રહે. દુશ્મન કે હિતશત્રુઓ તરફથી પરેશાની વધે

સ્ત્રીઓ માટે :- સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. નોકરી કરતી સ્ત્રીઓ માટે આ વર્ષ કષ્ટદાયી રહે. લોભામણી અને આશ્ચર્યજનક યોજનાઓનો ભોગ ન બનાય તેની કાળજી રાખવી. સંતાન સાથે મનદુઃખ કે સંતાન સાથે છૂટા થવાના યોગ બને.

વિદ્યાર્થીઓ માટે :- વિદ્યાર્થીઓ માટે આ વર્ષ કષ્ટદાયી રહે. આ સમયમાં ખૂબ જ સાવચેતી રાખવી પડશે. અભ્યાસ અર્થે વિદેશ જવાની ઈચ્છાવાળાને ઈચ્છા પૂર્ણ ન થાય. શારીરિક તકલીફો આપના અભ્યાસમાં અવરોધ લાવે.